ક્રમાંકઃ ચટણ/સ્થા.સ્વ/૧૩(૬)/૦૧૨૦૨૫/ક,

રાજય ચૂંટણી આયોગ

બ્લોક નંબર-૯, ૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર

તા.૨૧-૦૧-૨૦૨૫

<u>અખબારી યાદી</u>

**જૂનાગઢ મહાનગરપાલિકા , ૬૬ નગરપાલિકાઓ, કઠલાલ, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા બોટાદ અને વાંકાનેર નગરપાલિકાઓની મધ્યસત્ર ચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીની જાહેરાત.**

૧. આ સાથે સામેલ પત્રક મુજબની જૂનાગઢ મહાનગરપાલિકા , ૬૬ નગરપાલિકાઓ, કઠલાલ, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા બોટાદ અને વાંકાનેર નગરપાલિકાઓની મધ્યસત્ર ચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પ્રસંગોપાત ખાલી પડેલ મહાનગરપાલિકાઓની ૩ બેઠકો, નગરપાલિકાઓની ૨૧ બેઠકો, જિલ્લા પંચાયતોની ૯ બેઠકો તથા તાલુકા પંચાયતોની ૯૧ બેઠકોની પેટા ચૂંટણી યોજવા રાજય ચૂંટણી આયોગે નીચે મુજબનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે.

| અ.નં | વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | ચૂંટણીની જાહેરાતની તારીખ | તા.૨૧/૦૧/૨૦૨૫ |
| ૨. | જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તારીખ | તા.૨૭/૦૧/૨૦૨૫ |
| ૩. | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | તા.૦૧/૦૨/૨૦૨૫ |
| ૪. | ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ | તા.૦૩/૦૨/૨૦૨૫ |
| ૫. | ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ | તા.૦૪/૦૨/૨૦૨૫ |
| ૬. | **મતદાનની તારીખ** | **તા.૧૬/૦૨/૨૦૨૫<br>(રવિવાર)<br>સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી** |
| ૭. | પુનઃમતદાનની તારીખ (જરૂરી જણાય તો) | તા.૧૭/૦૨/૨૦૨૫ |
| ૮. | મતગણતરીની તારીખ | તા.૧૮/૦૨/૨૦૨૫ |
| ૯. | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ | તા.૨૧/૦૨/૨૦૨૫ |

(૧) ઉક્ત વિગતેની મહાનગરપાલિકાઓ /નગરપાલિકાઓ/ જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ હેઠળના વિસ્તારમાં તા.૨૧-૦૧-૨૦૨૫ના રોજ ચૂંટણીઓની જાહેરાત થતાં ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલમાં આવે છે.

(૨) ચૂંટણીમાં ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે પોતાનો ગુન્હાઈત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલ્કત અને દેવાં બાબતનું સોગંદનામુ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે. અરજદારો ઉમેદવારી ફોર્મ સંબંધિત ચૂંટણી અધિકારીની કચેરીએથી મેળવી શકશે અથવા આયોગની વેબસાઈટ ઉપરથી download પણ કરી શકાશે. (આયોગની વેબ સાઈટ https://sec.gujarat.gov.in/ )

(૩) આ ચૂંટણીમાં મતદાન સમયે, મતદારે ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં <u>આવેલ ઓળખપત્ર (EPIC) રજૂ કરવાનું રહેશે</u> પરંતુ વાજબી કારણસર રજૂ કરી શકે તેમ ન હોય તો, સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપતિ થાય તે માટે મતદાર, રાજય ચૂંટણી આયોગના તા.૨૬-૧૧-૨૦૧૬ ના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ- સ્થા.સ્વ.-૨૫- ૧૧૨૦૧૬-ક થી નિયત કરેલ ફોટાવાળા દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજૂ કરી શકશે.

(૪) રાજય ચૂંટણી આયોગે, આ ચૂંટણીઓ માટેના મતદાનનો સમય સવારે ૭-૦૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધીનો નક્કી કરેલ છે.

(૫) કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો નિર્ભય રીતે મતદાન કરી શકે તે અંગે પૂરતો પોલીસ બંદોબસ્ત પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

(૬) મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/જિલ્લા/તાલુકા પંચાયતોની આ સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ વીજાણુ મતદાન યંત્રો (EVM) દ્વારા કરવામાં આવશે.

૨. રાજ્ય ચૂંટણી આયોગ મતદારોને પાયાની લોકશાહીને વધુ મજબૂત કરવા પોતાનાં મતાધિકારનો ઉપયોગ કરી, મતદાન કરવા અનુરોધ કરે છે. આયોગ મતદારો, ઉમેદવારો, સર્વે રાજકીય પક્ષો અને જાહેર જનતા તરફથી પાયાની લોકશાહીની આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે આ રાષ્ટ્રીય / સંવૈધાનિક કામમાં સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખે છે.

**બિડાણ-ઉપર મુજબ**

**(જી.સી.બ્રહ્મભટ્ટ)**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

પ્રતિ,

માહિતી નિયામકશ્રી,

ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

ર/- રાજયના તથા જિલ્લાના સ્થાનિક અખબારો સહિત બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં જુદા જુદા સર્વે વર્તમાનપત્રોમાં આ અખબારી યાદી વિનામૂલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા તેમજ ઈલેકટ્રોનિક મીડિયાને સૂચિત કરવા વિનંતી સહ.

<u>નકલ સવિનય રવાના:-</u>

- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.

<u>નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :</u>

- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી જૂનાગઢ, અમદાવાદ, સુરત અને ભાવનગર ,જિલ્લા મ્યુનિસિપલ/જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તમામ (સર્વે ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ/ કચેરીઓ/રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ) આપના જિલ્લા પૂરતી જુદી અખબારી યાદી આપવા તથા આ અખબારી યાદીની વિવિધ પ્રસાર માદયમો દ્વારા બહોળી પ્રસિધ્ધિ થાય તે જોવા વિનંતી સહ.
- રાજય ચૂંટણી આયોગ ખાતે નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો.
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ.

<u>નકલ રવાના :-</u>

- માન.રાજય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સંયુકત કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.

ક્રમાંક:રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૨૫–૧૧૨૦૧૬–ક

રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૬ –૧૧–૨૦૧૬

**વંચાણમાં લીધા :–**

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૨૫–૧૨૦૧૬–ક તા.૨૨–૧–૨૦૧૬

**આ દે શ :–**

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની મતદાર યાદીઓ વિધાનસભા મતદારયાદી પરથી તૈયાર કરવામાં આવે છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા રાજયમાં મતદારોને ફોટો ઓળખપત્ર (EPIC) પુરાં પાડવામાં આવે છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મતદાર પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદારને મળેલ ફોટો ઓળખપત્ર (EPIC) મતદાન મથકે રજૂ કરવાની સૂચના છે. આ ઉપરાન્ત વંચાણવાળા આદેશથી રાજય ચૂંટણી આયોગે મતદારના ઓળખપત્ર માટેના વૈકલ્પિક દસ્તાવેજી પુરાવાઓ પણ માન્ય કરેલ છે. પુખ્ત વિચારણાના અંતે વંચાણવાળો તા.૨૨–૦૧–૨૦૧૬નો આદેશ રદ કરી ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩(ક) અને ૨૪૩(વ–ક) થી રાજય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂઈએ, હવે પછીની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની યોજાનાર ચૂંટણીઓ માટે મતદાન ઓળખપત્ર માટે નીચેની સૂચનાઓનો અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

<u>રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે મતદાન મથકે આવનાર મતદારે ભારતના ચૂંટણી પંચે મતદારને આપેલ મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) રજૂ કરવાનું રહેશે.</u>

રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે મતદાન મથકે આવનાર મતદારે ભારતના ચૂંટણી પંચે મતદારને આપેલ મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) માં કેલીરીકલ ભુલ અથવા જોડણીની ભુલ હોય તો મતદારને મત આપવા માટે તે ભુલ ધ્યાને લેવાની રહેશે નહી.મતદાર ફોટો ઓળખપત્ર અન્ય વિધાનસભા મત વિસ્તારનું હોય તો પણ મતદારની ઓળખ પ્રસ્થાપિત કરવાના હેતુસર માન્ય રાખવાનું રહેશે.

પરંતુ જો કોઈ મતદાર આવુ ફોટો ઓળખપત્ર (EPIC) રજૂ ન કરી શકે તો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે, રાજય ચૂંટણી આયોગે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ માન્ય કરેલ છે.

૧. <u>ફોટા સાથેનો</u> પાસપોર્ટ
૨. <u>ફોટા સાથેનું</u> ડ્રાઈવીગ લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૩. <u>ફોટા સાથેનું</u> ઈન્કમટેક્ષ (PAN) ઓળખકાર્ડ
૪. રાજય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવેલ <u>ફોટા સાથેનાં</u> ઓળખકાર્ડ.
૫. પબ્લીક સેકટર બેન્કો અને પોસ્ટ ઓફિસો તરફથી આપવામાં આવતી <u>ફોટા સાથેની</u> પાસબુક (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૬. અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ / અન્ય પછાતવર્ગ (OBC) નું સક્ષમ અધિકારીનું <u>ફોટા સાથેનું</u> પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૭. <u>ફોટા સાથેના</u> પેન્શન પ્રમાણપત્રો જેવા કે, માજી સૈનિકોની પેન્શન બુક / પેન્શન પેમેન્ટ ઓર્ડર/માજી સૈનિકની વિધવા/ આશ્રિતોના પ્રમાણપત્રો / મોટી ઉંમરની વ્યકિતના પેન્શન ઓર્ડર, વિધવા પેન્શન ઓર્ડર (ચૂંટણી તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ.)
૮. કેન્દ્ર સરકાર/ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ સ્વતંત્રતા સૈનિકનાં ફોટા સાથેના ઓળખ કાર્ડ.
૯. <u>ફોટો સાથેના</u> હથિયારોના લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૧૦. સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ વિકલાંગનું <u>ફોટા સાથેનું</u> પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)
૧૧. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી યોજના ( MNREGS) હેઠળ આપવામાં આવેલ <u>ફોટા સાથેના</u> જોબ કાર્ડ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)



canned by CamScanner

૧૨. કર્મચારી રાજ્ય વીમા યોજના (ESI) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખકાર્ડ. (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)

૧૩. નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર (NPR) સ્કીમ હેઠળ RGI દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ

૧૪. UIDAI દ્વારા આપવામાં આવેલ "આધાર" કાર્ડ

**સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં મતદાન સમયે મતદારોએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ અંગેની વિગત નિયત મતદાર રજીસ્ટરના સંબંધિત કોલમમાં જરૂરી વિગતો ભરવાની રહેશે મતદાર દ્વારા મતદાર ફોટો ઓળખપત્ર (EPIC)રજુ કરવામાં આવેલ હોય ત્યારે આ માટે (EP) લખવાનું રહેશે જ્યારે મતદાર દ્વારા ઉપર પૈકીના કોઈ અન્ય ડોકયૂમેન્ટના (મતદારની ઓળખના પૂરાવા તરીકે વપરાતા માન્ય ડોકયૂમેન્ટ)રજૂ કરેલ હોય તેવા કિસ્સામાં તે ડોકયૂમેન્ટનો પ્રકાર લખીને તે ડોકયૂમેન્ટના નંબરના છેલ્લા ચાર આંકડા લખવાના રહેશે.**

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**નકલ સવિનય રવાના :-**

- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

**નકલ જયભારત સહ રવાના :-**

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, સર્વે.
- શહેર ચૂંટણી અધિકારી / જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી/જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે આ આદેશની જાણ ચૂંટણી અધિકારીઓ / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને કરવા સારૂ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે
- નાયબ કલેકટરશ્રી / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ } મારફતે સબંધિત જિલ્લા કલેકટરશ્રી/
- મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ } જિ.વિ.અધિ.શ્રી

આ આદેશની જાણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીના મતદાન મથકના પ્રમુખ અધિકારી / પ્રથમ મતદાન અધિકારીશ્રીઓને કરવા સારૂ

**નકલ રવાના :-**

- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.
  આ આદેશ અસાધારણ સરકારી રાજ્યપત્ર ભાગ-૪ (સી) માં તાત્કાલીક પ્રસિદ્ધ કરવા તથા તેની ૨૫ નકલો રાજ્ય ચૂંટણી આયોગ તથા નીચેના અધિકારીઓને તેની સામે જણાવેલ નકલો મોકલી આપવા સારૂ.
  ૧. કલેકટરશ્રી તમામ ૫ નકલ
- રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ તમામ રાજકીય પક્ષો
- સંયુકત સચિવશ્રી / નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી સર્વે/ મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી સર્વે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- નાયબ મામલતદારશ્રી (તમામ) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર
  સીલેકટ ફાઈલે.

canned by CamScanner

## ફેબ્રુઆરી ૨૦૨૫ સામાન્ય ચૂંટણી હેઠળની મહાનગરપાલિકાની યાદી:

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની મહાનગરપાલિકાનું નામ |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | જૂનાગઢ |

## ફેબ્રુઆરી ૨૦૨૫ પેટા ચૂંટણી યોજવાપાત્ર મહાનગરપાલિકાઓની ખાલી બેઠકો:

| અ.નં. | જિલ્લાનું નામ | મહાનગરપાલિકાનું નામ | વોર્ડ નંબર | બેઠકનો પ્રકાર | બેઠકની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ | ૭ | સામાન્ય | ૧ |
| ૨ | સુરત | સુરત | ૧૮ | પછાતવર્ગ | ૧ |
| ૩ | ભાવનગર | ભાવનગર | ૩ | સામાન્ય | ૧ |

## ફેબ્રુઆરી ૨૦૨૫ સામાન્ય ચૂંટણી હેઠળની નગરપાલિકાઓની યાદી:

| અ.નં | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની નગરપાલિકાની વિગત | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | નામ | વર્ગ | | નામ | વર્ગ | | નામ | વર્ગ |
| ૧ | અમદાવાદ | ૧ | બાવળા | C | ૨ | સાણંદ | c | ૩ | ધંધુકા | c |
| ૨ | ગાંધીનગર | ૧ | માણસા | C | | | | | | |
| ૩ | ખેડા | ૧ | મહેમદાવાદ | C | ૨ | ડાકોર | C | ૩ | ચકલાસી | C |
| | | ૪ | મહુધા | D | ૫ | ખેડા | C | | | |
| ૪ | આણંદ | ૧ | આંકલાવ | D | ૨ | બોરીયાવી | D | ૩ | ઓડ | D |
| ૫ | મહીસાગર | ૧ | લુણાવાડા | C | ૨ | સંતરામપુર | D | ૩ | બાલાસિનોર | C |
| ૬ | સાબરકાંઠા | ૧ | ખેડબ્રહ્મા | C | ૨ | પ્રાંતિજ | D | ૩ | તલોદ | D |
| ૭ | પાટણ | ૧ | હારીજ | D | ૨ | ચાણસ્મા | D | ૩ | રાધનપુર | C |
| ૮ | મહેસાણા | ૧ | ખેરાલુ | D | ૨ | વડનગર | C | | | |
| ૯ | વડોદરા | ૧ | કરજણ | C | | | | | | |
| ૧૦ | છોટાઉદેપુર | ૧ | છોટાઉદેપુર | C | | | | | | |
| ૧૧ | દાહોદ | ૧ | ઝાલોદ | C | ૨ | દેવગઢ બારીઆ | D | | | |
| ૧૨ | પંચમહાલ | ૧ | કાલોલ | C | ૨ | હાલોલ | B | | | |
| ૧૩ | નવસારી | ૧ | બિલીમોરા | B | | | | | | |
| ૧૪ | વલસાડ | ૧ | વલસાડ | A | ૨ | પારડી | C | ૩ | ધરમપુર | D |
| ૧૫ | તાપી | ૧ | સોનગઢ | C | | | | | | |
| ૧૬ | જામનગર | ૧ | જામજોધપુર | C | ૨ | ધ્રોલ | C | ૩ | કાલાવાડ | C |
| ૧૭ | દેવભૂમિ દ્વારકા | ૧ | સલાયા | C | ૨ | દ્વારકા | C | ૩ | ભાણવડ | D |
| ૧૮ | જૂનાગઢ | ૧ | બાંટવા | D | ૨ | માણાવદર | C | ૩ | માંગરોળ | B |
| | | ૪ | વિસાવદર | D | ૫ | વંથલી | D | ૬ | ચોરવાડ | D |
| ૧૯ | ગીરસોમનાથ | ૧ | કોડીનાર | C | | | | | | |
| ૨૦ | કચ્છ | ૧ | રાપર | C | ૨ | ભચાઉ | C | | | |
| ૨૧ | અમરેલી | ૧ | લાઠી | D | ૨ | જાફરાબાદ | C | ૩ | રાજુલા | C |
| | | ૪ | ચલાલા | D | | | | | | |
| ૨૨ | ભાવનગર | ૧ | શિહોર | B | ૨ | ગારીયાધાર | C | ૩ | તળાજા | C |
| ૨૩ | બોટાદ | ૧ | ગઢડા | C | | | | | | |
| ૨૪ | રાજકોટ | ૧ | જસદણ | C | ૨ | જેતપુર-નવાગઢ | A | ૩ | ધોરાજી | B |
| | | ૪ | ભાયાવદર | D | ૫ | ઉપલેટા | B | | | |
| ૨૫ | મોરબી | ૧ | હળવદ | C | | | | | | |

| અ.નં | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની નગરપાલિકાની વિગત | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | નામ | વર્ગ | | નામ | વર્ગ | | નામ | વર્ગ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૧ | થાનગઢ | C | | | | | | |
| ૨૭ | પોરબંદર | ૧ | કુતીયાણા | D | ૨ | રાણાવાવ | C | | | |

## ફેબ્રુઆરી ૨૦૨૫ મધ્યસત્ર ચૂંટણી હેઠળની નગરપાલિકાઓની યાદી:

| અ.નં | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની નગરપાલિકાની વિગત | | |
|---|---|---|---|---|
| | | | નામ | વર્ગ |
| ૧ | બોટાદ | ૧ | બોટાદ | A |
| ૨ | મોરબી | ૧ | વાંકાનેર | C |

## ફેબ્રુઆરી ૨૦૨૫ પેટા ચૂંટણી યોજવાપાત્ર નગરપાલિકાની ખાલી બેઠકો:

| અ.નં. | જિલ્લો | નગરપાલિકાનું નામ | નગરપાલિકાનો વર્ગ | વોર્ડ/ બેઠક નંબર | બેઠકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | સાવરકુંડલા | B | ૩ (ત્રીજી) | ૧ |
| ૨ | અમરેલી | અમરેલી | A | ૫ (પ્રથમ) | ૧ |
| ૩ | અમરેલી | અમરેલી | A | ૭ (પ્રથમ) | ૧ |
| ૪ | અમરેલી | દામનગર | D | ૨ (ચોથી) | ૧ |
| ૫ | અમરેલી | દામનગર | D | ૩ (બીજી) | ૧ |
| ૬ | આણંદ | ઉમરેઠ | C | ૪ (ચોથી) | ૧ |
| ૭ | સુરેન્દ્રનગર | લીંબડી | C | ૧ (ચોથી) | ૧ |
| ૮ | સુરેન્દ્રનગર | ધાંગધ્રા | B | ૧ (ચોથી) | ૧ |
| ૯ | પાટણ | સિધ્ધપુર | B | ૧ (ચોથી) | ૧ |
| ૧૦ | પાટણ | સિધ્ધપુર | B | ૭ (ચોથી) | ૧ |
| ૧૧ | પંચમહાલ | ગોધરા | A | ૭ (ત્રીજી) | ૧ |
| ૧૨ | અમદાવાદ | બારેજા | D | ૩ (ત્રીજી) | ૧ |
| ૧૩ | અમદાવાદ | બારેજા | D | ૫ (બીજી) | ૧ |
| ૧૪ | ગાંધીનગર | કલોલ | A | ૪ (બીજી) | ૧ |
| ૧૫ | મોરબી | માળીયા મિયાણા | D | ૨ (બીજી) | ૧ |
| ૧૬ | મોરબી | માળીયા મિયાણા | D | ૫ (બીજી) | ૧ |
| ૧૭ | વડોદરા | સાવલી | D | ૨ (ચોથી) | ૧ |
| ૧૮ | વડોદરા | પાદરા | C | ૩ (બીજી) | ૧ |
| ૧૯ | ખેડા | કપડવંજ | C | ૨ (પ્રથમ) | ૧ |
| ૨૦ | ખેડા | કપડવંજ | C | ૬ (ચોથી) | ૧ |
| ૨૧ | ભરૂચ | જંબુસર | C | ૧ (બીજી) | ૧ |
| ૧૫ નગરપાલિકાઓની કુલ બેઠકો | | | | | ૨૧ |

## ફેબ્રુઆરી ૨૦૨૫ પેટા ચૂંટણી યોજવાપાત્ર જિલ્લા પંચાયતોની ખાલી બેઠકો:

| અ.નં | જિલ્લો | જિલ્લા પંચાયતનું નામ | મતદાર મંડળનો ક્રમ અને નામ | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | બોટાદ | બોટાદ | ૧૪-પાળીયાદ | બિ.અ.સામાન્ય |
| ૨ | ગાંધીનગર | ગાંધીનગર | ૧૧-હાલીસા | બિ.અ.સામાન્ય |
| ૩ | અમદાવાદ | અમદાવાદ | ૧૭-કોંઠ | અનુસૂચિત જાતિ |
| ૪ | અમદાવાદ | અમદાવાદ | ૧-અસલાલી | સામાન્ય સ્ત્રી |
| ૫ | ભરૂચ | ભરૂચ | ૧-આછોદ | અનુ.આદિજાતિ |

| અ.નં | જિલ્લો | જિલ્લા પંચાયતનું નામ | મતદાર મંડળનો ક્રમ અને નામ | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૬ | મહેસાણા | મહેસાણા | ૨૬-મલેકપુર (ખે) | બિ.અ.સામાન્ય |
| ૭ | દાહોદ | દાહોદ | ૩૮-પિપેરો | અનુ.આદિજાતિ |
| ૮ | ડાંગ | ડાંગ | ૧૦-કડમાળ | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૯ | પંચમહાલ | પંચમહાલ | ૨૯-શિવરાજપુર | સામાન્ય સ્ત્રી |

**ફેબ્રુઆરી ૨૦૨૫ સામાન્ય ચૂંટણી હેઠળની તાલુકા પંચાયતોની યાદી:**

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની તાલુકા પંચાયતનું નામ | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડા | ૧ | કઠલાલ | ૨ | કપડવંજ |
| ૨ | ગાંધીનગર | ૧ | ગાંધીનગર | | |

**ફેબ્રુઆરી ૨૦૨૫ પેટા ચૂંટણી યોજવાપાત્ર તાલુકા પંચાયતોની બેઠકો:**

| અ.નં | જિલ્લો | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળનો ક્રમ અને નામ | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | દાહોદ | ૨૭-નગરાળા | અનુ.આદિજાતિ |
| ૨ | દાહોદ | દે.બારીયા | ૧૯-પીપલોદ-૧ | અનુસૂચિત જાતિ |
| ૩ | દાહોદ | ઝાલોદ | ૧૭-કારઠ-૧ | અનુસૂચિત જાતિ |
| ૪ | દાહોદ | ઝાલોદ | ૮-ધાવડીયા | અનુ.આદિજાતિ |
| ૫ | દાહોદ | લીમખેડા | ૧૬-મોટીબાંડીબાર | અનુ.આદિજાતિ |
| ૬ | દાહોદ | ગરબાડા | ૨૪-ઝરીબુઝર્ગ-૨ | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૭ | દાહોદ | ધાનપુર | ૧૩-નાકટી | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૮ | વલસાડ | ઉમરગામ | ૬-ફણસા-૧ | અનુ.આદિજાતિ |
| ૯ | વલસાડ | ઉમરગામ | ૨૩-સરિગામ-૨ | અનુ.આદિજાતિ |
| ૧૦ | વલસાડ | કપરાડા | ૬-ઘોટણ | અનુ.આદિજાતિ |
| ૧૧ | સુરત | ઉમરપાડા | ૪-ધાણાવડ | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૧૨ | ગાંધીનગર | દહેગામ | ૧૮-લવાડ | સામાન્ય સ્ત્રી |
| ૧૩ | ગાંધીનગર | માણસા | ૦૨-આમજા | સા.શૈ.પ.સ્ત્રી |
| ૧૪ | અરવલ્લી | માલપુર | ૨-બામણી | સામાન્ય સ્ત્રી |
| ૧૫ | અરવલ્લી | બાયડ | ૧૪-પીપોદરા | સામાન્ય સ્ત્રી |
| ૧૬ | નર્મદા | દેડીયાપાડા | ૨૨-ઝાંક | અનુ.આદિજાતિ |
| ૧૭ | નર્મદા | સાગબારા | ૨-ભાદોડ | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૧૮ | સાબરકાંઠા | વિજયનગર | ૩-બાલેટા | અનુ.આદિજાતિ |
| ૧૯ | સાબરકાંઠા | વિજયનગર | ૭-ચિઠોડા | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૨૦ | સાબરકાંઠા | પોશીના | ૨૦-વીંછી | અનુ.આદિજાતિ |
| ૨૧ | સાબરકાંઠા | પ્રાંતિજ | ૬-ઘડી | બિન અનામત સામાન્ય |
| ૨૨ | પાટણ | હારીજ | ૧૨-સાંકરા | અનુ.આદિજાતિ |
| ૨૩ | પાટણ | સમી | ૭-કનીજ | બિન અનામત સામાન્ય |
| ૨૪ | પાટણ | સિધ્ધપુર | ૧૯-સમોડા | અનુસૂચિતજાતિ સ્ત્રી |
| ૨૫ | જામનગર | જોડીયા | ૮-જોડીયા-૩ | બિન અનામત સામાન્ય |
| ૨૬ | જામનગર | જામનગર | ૧૪-જામવંથલી | બિન અનામત સામાન્ય |
| ૨૭ | કચ્છ | ભચાઉ | ૧૨-લાકડીયા-૨ | બિન અનામત સામાન્ય |
| ૨૮ | કચ્છ | મુંદ્રા | ૧૦-મોટીભુજપુર-૨ | બિન અનામત સામાન્ય |
| ૨૯ | કચ્છ | માંડવી | ૦૬-દરશડી | બિન અનામત સામાન્ય |

| અ.નં | જિલ્લો | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળનો ક્રમ અને નામ | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૩૦ | મહેસાણા | ખેરાલુ | ૭-ડાલીસણા | બિન અનામત સામાન્ય |
| ૩૧ | મહેસાણા | ખેરાલુ | ૬-ડભોડા-૨ | બિન અનામત સામાન્ય |
| ૩૨ | મહેસાણા | ખેરાલુ | ૧૦-કુડા જુથ | બિન અનામત સામાન્ય |
| ૩૩ | મહેસાણા | વડનગર | ૯-મોલીપુર | બિન અનામત સામાન્ય |
| ૩૪ | મહેસાણા | વિજાપુર | ૧૪-કુકરવાડા-૧ | બિન અનામત સામાન્ય |
| ૩૫ | મહેસાણા | જોટાણા | ૬-જોટાણા-૨ | બિન અનામત સામાન્ય |
| ૩૬ | મહેસાણા | જોટાણા | ૧૧-મરતોલી | સામાન્ય સ્ત્રી |
| ૩૭ | મહેસાણા | કડી | ૩-અગોલ | સામાન્ય સ્ત્રી |
| ૩૮ | મહેસાણા | કડી | ૨૨-નાનીકડી | સામાન્ય સ્ત્રી |
| ૩૯ | મોરબી | વાંકાનેર | ૨-ચંદ્રપુર | સામાન્ય સ્ત્રી |
| ૪૦ | મોરબી | માળીયા(મી) | ૧૨-સરવડ | સામાન્ય સ્ત્રી |
| ૪૧ | અમદાવાદ | ધોળકા | ૯-કોંઠ-૧ | બિન અનામત સામાન્ય |
| ૪૨ | અમદાવાદ | સાણંદ | ૫-ફાંગડી | સા.શૈ.પ. |
| ૪૩ | અમદાવાદ | દસ્ક્રોઇ | ૨૮-વાંચ | બિન અનામત સામાન્ય |
| ૪૪ | અમદાવાદ | દસ્ક્રોઇ | ૧૧-કાશીન્દ્રા | બિન અનામત સામાન્ય |
| ૪૫ | તાપી | કુકરમુંડા | ૭-ફુલવાડી-૨ | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૪૬ | છોટાઉદેપુર | બોડેલી | ૨૩-તાંદલજા | બિન અનામત સામાન્ય |
| ૪૭ | છોટાઉદેપુર | નસવાડી | ૧૬-પાલા | અનુ.આદિજાતિ |
| ૪૮ | સુરેન્દ્રનગર | લીંબડી | ૧૮-ઉંટડી | અનુસૂચિત જાતિ |
| ૪૯ | સુરેન્દ્રનગર | સાયલા | ૫-ધારા ડુંગરી | બિન અનામત સામાન્ય |
| ૫૦ | ભાવનગર | તળાજા | ૩૦-ઉંચડી | બિન અનામત સામાન્ય |
| ૫૧ | ભાવનગર | તળાજા | ૧૬-નવાજુના રાજપરા | અનુ.આદિજાતિ |
| ૫૨ | ભાવનગર | ભાવનગર(ગ્રા) | ૧૧-લાખણકા | બિન અનામત સામાન્ય |
| ૫૩ | ભાવનગર | શિહોર | ૨૧-વળાવડ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૫૪ | ભાવનગર | શિહોર | ૧૮-સોનગઢ | સામાન્ય સ્ત્રી |
| ૫૫ | અમરેલી | બાબરા | ૧૦-કરીયાણા | અનુ.આદિજાતિ |
| ૫૬ | અમરેલી | બગસરા | ૧૬-વાઘણીયાજુના | અનુ.આદિજાતિ |
| ૫૭ | અમરેલી | ધારી | ૧૪-મીઠાપુર ડુંગરી | સામાન્ય સ્ત્રી |
| ૫૮ | દેવભૂમિ દ્વારકા | ખંભાળિયા | ૪-ભરાણા | સા.શૈ.પ. |
| ૫૯ | દેવભૂમિ દ્વારકા | કલ્યાણપુર | ૧૩-જુવાનપુર | બિન અનામત સામાન્ય |
| ૬૦ | જૂનાગઢ | વંથલી | ૬-કણજા | બિન અનામત સામાન્ય |
| ૬૧ | જૂનાગઢ | જૂનાગઢ | ૧૫-પલાસવા | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૬૨ | ખેડા | મહેમદાવાદ | ૭-હલધરવાસ | બિન અનામત સામાન્ય |
| ૬૩ | ખેડા | મહેમદાવાદ | ૧૬-મોદજ-૨ | સામાન્ય સ્ત્રી |
| ૬૪ | પંચમહાલ | મોરવા(હડફ) | ૫-ચોપડા બુજર્ગ | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૬૫ | પંચમહાલ | શહેરા | ૧૬-મંગલીયાણા | બિન અનામત સામાન્ય |
| ૬૬ | ગીરસોમનાથ | ઉના | ૧૩-મોટાડેસર | બિન અનામત સામાન્ય |
| ૬૭ | ગીરસોમનાથ | ઉના | ૩-ચાંચકવડ | સા.શૈ.પ. સ્ત્રી |
| ૬૮ | ગીરસોમનાથ | ઉના | ૭-ગાંગડા | બિન અનામત સામાન્ય |
| ૬૯ | ગીરસોમનાથ | તાલાલા | ૬- ચિત્રાવડ | બિન અનામત સામાન્ય |

| અ.નં | જિલ્લો | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળનો ક્રમ અને નામ | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૭૦ | ગીરસોમનાથ | તાલાલા | ૫-બોરવાવ | બિન અનામત સામાન્ય |
| ૭૧ | રાજકોટ | ઉપલેટા | ૦૪-ડુમીયાણા | સા.શૈ.પ. સ્ત્રી |
| ૭૨ | રાજકોટ | ઉપલેટા | ૧૩-પાનેલી મોટી-૧ | સામાન્ય સ્ત્રી |
| ૭૩ | રાજકોટ | જસદણ | ૦૧-આંબરડી | સામાન્ય સ્ત્રી |
| ૭૪ | રાજકોટ | જસદણ | ૦૫-ભાડલા | બિન અનામત સામાન્ય |
| ૭૫ | રાજકોટ | જેતપુર | ૧૫-પીઠડીયા | સામાન્ય સ્ત્રી |
| ૭૬ | રાજકોટ | ગોંડલ | ૨૦-સુલતાનપુર | સામાન્ય સ્ત્રી |
| ૭૭ | વડોદરા | પાદરા | ૨૬-વડુ | બિન અનામત સામાન્ય |
| ૭૮ | વડોદરા | શિનોર | ૧૦-સાધલી-૦૨ | બિન અનામત સામાન્ય |
| ૭૯ | વડોદરા | વડોદરા | ૧૩-કોયલી-૧ | બિન અનામત સામાન્ય |
| ૮૦ | વડોદરા | વડોદરા | ૦૫-દશરથ-૧ | સા.શૈ.પ. |
| ૮૧ | વડોદરા | વડોદરા | ૧૫-નંદેસરી | બિ.અ.સામાન્ય |
| ૮૨ | પોરબંદર | રાણાવાવ | ૧૦-રામગઢ | સામાન્ય સ્ત્રી |
| ૮૩ | ભરૂચ | હાંસોટ | ૧૨-પંડવાઈ | બિન અનામત સામાન્ય |
| ૮૪ | આણંદ | ખંભાત | ૨૪-ઉંદેલ-૨ | બિન અનામત સામાન્ય |
| ૮૫ | બોટાદ | બોટાદ | ૨૧-તુરખા | બિન અનામત સામાન્ય |
| ૮૬ | બોટાદ | રાણપુર | ૧૦-માલણપુર | બિન અનામત સામાન્ય |
| ૮૭ | મહીસાગર | વિરપુર | ૫-જોધપુર | અનુ.આદિજાતિ |
| ૮૮ | મહીસાગર | ખાનપુર | ૮-કનોડ | બિન અનામત સામાન્ય |
| ૮૯ | નવસારી | વાંસદા | ૯-કંડોલપાડા | અનુસૂચિત આદિજાતિ |
| ૯૦ | તાપી | નિઝર | ૧૧-સરવાળા | સા.શૈ.પ |
| ૯૧ | તાપી | નિઝર | ૧૩-શાલે-૨ | અનુ.આદિજાતિ સ્ત્રી |

**મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/જિલ્લાઓ/તાલુકા પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓનો કાર્યક્રમ**

| અ.નં | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણી જાહેરાતની તારીખ | તા.૨૧/૦૧/૨૦૨૫ |
| ૨ | જાહેરનામુ પ્રસિદ્ધ કરવાની તારીખ | તા.૨૭/૦૧/૨૦૨૫ |
| ૩ | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | તા.૦૧/૦૨/૨૦૨૫ |
| ૪ | ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ | તા.૦૩/૦૨/૨૦૨૫ |
| ૫ | ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ | તા.૦૪/૦૨/૨૦૨૫ |
| ૬ | મતદાનની તારીખ | તા.૧૬/૦૨/૨૦૨૫ (રવિવાર)<br>(સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી) |
| ૭ | પુન:મતદાનની તારીખ (જરૂરી જણાય તો) | તા.૧૭/૦૨/૨૦૨૫ |
| ૮ | મતગણતરીની તારીખ | તા.૧૮/૦૨/૨૦૨૫ |
| ૯ | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ | તા.૨૧/૦૨/૨૦૨૫ |

સ્થળ: ગાંધીનગર
તારીખ:૨૧/૦૧/૨૦૨૫

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત, ગાંધીનગર

(જી.સી.બ્રહ્મભટ્ટ)
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર